# નગરની વસાહતોમાં રાત્રે ચોકીયાત તરીકે ગુરખાઓએ પોતાની જાતે જ નિમણુંક કરી દીધી છે

## મહિનો પુરો થાય એટલે નોટ કે ડાયરી લઈને ઘરે ઘરેથી ઉઘરાણું કરી મહેનતાણું મેળવી લે છે : એક લાંબી રજા પર હોય કે કામ છોડી જાય તો તેની જગ્યાએ તેનો જ સંબંધી ગોઠવાઈ જાય છે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરની સરકારી વસાહતો અને સોસાયટીઓમાં રાત્રિ દરમિયાન સુરક્ષા માટે ચોકીયાત-ગુરખા ચોકી પહેરો આપતા હોય છે. મોટા ભાગની આ વસાહતોમાં વહીવટકર્તાઓએ કોઈ જ ચોકીયાત કે ગુરખાની નિમણુંક કરી નથી પરંતુ તેઓ સ્વયંભુ રીતે જ ચોકી પહેરો કરી પછી મહિનો પુરો થયે વસાહતીઓ પાસેથી ઉઘરાણું કરી પોતાનું મહેનતાણું મેળવી રહ્યા છે.

નગરમાં મોટા ભાગની વસાહતો હાઉસીંગ બોર્ડ દ્વારા નિર્માણ પામેલી હોઈ તેમજ નગરવ્યવસ્થાના ભાગરૂપે 'સુવિધા' દ્વારા સમસ્યાઓનો નિકાલ થતો હોય મોટે ભાગે વહીવટકર્તાઓના ભાગે કશું કરવાનું આવતું નથી. શહેરમાં રાત્રિ સુરક્ષા માટે પોલીસ દ્વારા સતત પેટ્રોલીંગ કરવામાં આવે છે જેથી શહેરમાં ઘરફોડ તસ્કરોથી રક્ષણ આપવામાં આવે છે. જો કે દરેક વસાહતમાં ચોકીયાત પણ જોવા મળે છે જેમાં મોટે ભાગે નેપાળી કે તિબેટિયન ગુરખા જ હોય છે. આ બાબતે વિગતે તપાસ કરતા જાણવા મળ્યું કે મોટા ભાગના આ ગુરખાઓની સોસાયટી કે વસાહત દ્વારા કોઈ વિધિસર નિમણુંક કરવામાં આવી નથી પરંતુ તેઓએ પોતાની જાતે જ ત્યાં ચોકીદારીનું કામ ચાલુ કરી દીધેલ છે.

રાત્રિના સમય દરમિયાન સોસાયટીમાં તેઓ સતત ફરતા રહે છે અને લાકડી પછાડીને 'જાગતે રહો' જેવી બુમો પાડી પોતાની હાજરી પુરાવે છે. તેમજ ખૂણે ખાંચરે જયાં અંધકાર હોય ત્યાં ટોર્ચ દ્વારા પ્રકાશ ફેંકીને બધુ સલામત છે તેની ખાત્રી પણ કરી લેતા હોય છે આ રીતે તેઓ પોતાના કાર્યનો અનુભવ વસાહતીઓને કરાવે છે અને પછી મહિનો પુરો થયે ઘરે ઘરે એક નોટ કે ડાયરી લઈને મહેનતાણાંનું ઉઘરાણું કરવા પહોંચી જાય છે. આ લોકોમાં પાછી અંદરોઅંદર એવી એકતા અને વ્યવસાયિક સમજૂતિ હોય છે કે જયાં એક ગુરખો ચોકી પહેરો કરતો હોય ત્યાં બીજો ગુરખો ભાગ પડાવા જતો નથી એટલું જ નહી પરંતુ જયારે એક ગુરખો દેશમાં જવા લાંબી રજા પર જાય ત્યારે બીજા ગુરખાને તેની અવેજીમાં ચોકીદારી સોંપતો જાય છે અને પાછો આવે ત્યારે ફરી તેની મૂળ જગ્યાએ ગોઠવાઈ જાય છે. જો કોઈ ગુરખો કાયમી રીતે કાર્યમાંથી દૂર થઈ જાય તેવા સંજોગોમાં તેની જગ્યાએ તેનો સંબધી જ અથવા વારસદાર જ તે કામ સંભાળી લે છે આથી અંદરોઅદર તકરાર પણ થવા પામતી નથી.

ઘણી સોસાયટીઓમાં જાગૃત સંચાલકોએ આ ગુરખાઓને ઘર દીઠ ઉઘરાવાતા મહેનતાણાં ની રકમ ફિકસ કરી દીધી હોય છે પરંતુ જયાં આ પ્રકારની વ્યવસ્થા ન ગોઠવાઈ હોય ત્યાં આ ગુરખાઓ જે તે રહેવાસીની હેસિયત કે શકિત મુજબ મહેનતાણું માંગી લેતા હોય છે. આ ઉપરાંત વાર તહેવારે તેઓ રહેવાસીઓ પાસેથી ભેટ બક્ષીસ પણ મેળવતા હોય છે. આમ છતાં મોટા ભાગની સોસાયટીઓ જે હાઉસીંગ બોર્ડ દ્વારા નિર્માણ પામી છે તેમજ સરકારી વસાહતોમાં કયાંય વિધિસર રીતે તેમની નિમણુંક કરવામાં આવી હોતી નથી બલકે તેઓએ જાતે જ તેમની નિમણુંક કરી દીધી હોય છે.



સેકટર-૭ પટેલ વાડી પાસે રસ્તા પર ગટરનું ઢાંકણું અત્યંત જોખમી અવસ્થામાં છે. રહીશોએ હંગામી ધોરણે તો અકસ્માત નિવારવા પ્રયત્નો કર્યા છે. પણ હવે તંત્રની જવાબદારી છે. વ્યવસ્થિત રીતે સમારકામ કરવાની કેમ કે રાત્રીનાં સમયે આ ખુલ્લી ગટર જોખમી સાબિત થઈ શકે તેમ છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# નાના ચિલોડાથી મોટા ચિલોડા વચ્ચેના અતિ જોખમી માર્ગને પહોળો કરવા માંગ

## અસંખ્ય અકસ્માતોનો સાક્ષી બનેલ આ માર્ગ, સાંકડા માર્ગને કારણે ઓવરટેક અશકય બને છે

ગાંધીનગર, તા.૩

અમદાવાદના પ્રવેશ માર્ગ એવા નાના ચિલોડાથી મોટા ચિલોડા માર્ગ છેલ્લા ઘણા સમયથી યમસદન માર્ગ તરીકે જાણીતો બન્યો છે. અસંખ્ય અકસ્માતોનો સાક્ષી બનેલો આ માર્ગ હવે પહોળો કરવો એ તંત્ર માટે ફરજિયાત બનશે તેવું લાગી રહ્યું છે. નાના વાહનો એમ્બ્યુલન્સ, અગત્યના કામે જવા સમયે આ માર્ગે પસાર થવું વાહનચાલકો ટાળી રહ્યા છે. અતિ જોખમી બનેલા આ માર્ગને તાત્કાલીક ધોરણે પહોળો કરવા પ્રચંડ માંગ ઉઠી છે.

અમદાવાદના ફરતે બનાવેલ રીંગરોડ પછી મોટા ચિલોડા થઈ રાજસ્થાન, દિલ્હી, મથુરા, આગ્રા જવા આ માર્ગ ખૂબ જ ઉપયોગી છે. પરંતુ સાંકડા માર્ગના કારણે ઝડપથી અને સલામત મુસાફરી આ માર્ગ ઉપર અશકય બનતી જઈ રહી છે. દ્વિમાર્ગીય આ રાજયનો મહત્વનો માર્ગ સતત વાહનોથી અવરજવરથી ધમધમી રહ્યો છે. પરંતુ આ માર્ગ ઉપર આગળ જતા વાહનની ઓવરટેઈક કરવી એટલે જીવલેણ અકસ્માતને આમંત્રણ તેવી સ્થતિનું નિર્માણ થયું છે.

નાના વાહનચાલકો તો આ માર્ગે પસાર થવાનું જ ટાળી રહ્યા છે. ગત વર્ષોમાં અસંખ્ય અકસ્માતો થકી અનેક લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે અને જયારે જયારે અકસ્માતી ઘટના બને ત્યારે માર્ગ પહોળો કરવાની માંગ ઉઠે જ છે. પરંતુ રાજય અને કેન્દ્રના હસ્તપેક્ષ વગર આ માર્ગની દુરસ્થી થઈ નથી હવે જયારે રાજય અને કેન્દ્રમાં એક જ પક્ષની સત્તા છે ત્યારે પાટનગર નજીકના અને અતિ મહ્‌ત્વના માર્ગને પહોળો કરવા દરખાસ્ત થવી જ જોઈએ તેવું વાહન ચાલકો જણાવી રહ્યા છે. ભારવાહક ટ્રકો, લકઝરી બસો અને એસ.ટી. બસોનું આ માર્ગ ઉપર એકચક્રી શાસન હોય તેમ અન્ય વાહનો આ માર્ગે જવા રીતસર ડરી રહ્યા છે. જયારે એમ્બ્યુલન્સ જવી ઈમરજન્સી સેવા પણ આ માર્ગે અધવચ્ચે અટકી પડે તેવી સ્થિતિ છે.

સ્થાનિક પ્રતિનિધિ, માર્ગ અને મકાન મંત્રી તથા સંલગ્ન હિતેચ્છુઓ દ્વારા આ અતિમહત્વના માર્ગ પ્રત્યે જાગૃતિ દાખવી સત્વરે કામગીરી હાથ ધરાય તેવી પ્રચંડ માંગ ઉઠી છે. તો રાજયભરના તમામ માર્ગોનું નવીનીકરણ થાય છે તો આ માર્ગનું કેમ નહીં તેવા સવાલો પણ ઉભા થયા છે.



### વરસાદના એંધાણ વર્તાતા માલધારીઓએ વતનની વાટ પકડી

આખા વર્ષ દરમ્યાન સૌરાષ્ટ્ર અને કચ્છના અછતવાળા વિસ્તારના માલધારીઓ તેમના ઘેટાં-બકરા અને ગૌધનને લઈને સમગ્ર ગુજરાતના અન્ય વિસ્તારોમાં જ્યાં પાણીની છત હોય અને ઘાસચારો મળી રહતો હોય ત્યાં ધામા નાંખતા હોય છે. ચિલોડા પંથકમાં પણ ઘણા માલધારીઓએ લાંબા સમયથી તેમના ડેરા-તંબુ તાણ્યા હતા પરંતુ હવે જેમ જેમ ચોમાસાની સીઝન નજીક આવતી જાય છે તેમ તેમ આ માલધારીઓ પોતાના પશુધન સહિત હવે વતન તરફ પરત જઈ રહ્યા છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# મુસાફરને રીક્ષામાં બેસાડી લૂંટી લેતી ગેંગના બે સાગરીતો ઝડપાયા

## ચાર દિવસ પહેલા જ રીક્ષામાં બેસાડીને કુડાસણના પેસેન્જરને ખોરજ બ્રિજ પાસેથી લૂંટી લીધો હતો : બંને આરોપીઓ અડાલજના રહેવાસી

ગાંધીનગર, તા. ૩

ગત સપ્તાહ દરમિયાન ખોરજ બ્રીજ પાસે મોડી રાત્રે રીક્ષા ચાલકના સ્વાંગમાં પેસેન્જરને રીક્ષામાં બેસાડીને બે શખ્સોએ પેસેન્જરને લુંટી લીધો હતો. આ લુંટ ચલાવીને ફરાર થઈ ગયેલા બંને શખ્સોને આજે અડાલજ પોલીસે મધરાત્રે ઝડપી લીધા હતા. રીક્ષા ગેન્ગના બંને સાગરીતોએ મુસાફરને લુંટ્યો હોવાની પણ કબુલાત કરી લીધી છે. બંનેની ધરપકડ કરીને અડાલજ પોલીસે ડી પૂછતાછ શરુ કરી છે. રીક્ષામાં બેસાડીને મુસાફરોને લુંટવાના અન્ય ગુનાઓના ભેદ ઉકેલાય તેવી શક્યતા પણ પોલીસે વ્યક્ત કરી છે.

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં રહેતા રામલાલ શંકરલાલ મીણા ૩૦ જુનના રોજ રાત્રે સવા અગિયાર વાગ્યાના અરસામાં મુસાફર તરીકે એક રીક્ષામાં બેઠા હતા. આ રીક્ષામાં એક ડ્રાઈવર તથા અન્ય એક વ્યક્તિ પણ બેસેલો હતો. રીક્ષામાં બેસાડીને રામલાલને ખોરજ રોડ પરથી ડ્રાઈવર લઈ જઈ રહ્યો હતો. ખોરજ બ્રીજ આવતા જ રીક્ષા ઉભી કરી દઈ રામલાલને લુંટી લેવાયો હતો. રીક્ષા ગેન્ગના બંને સાગરીતોએ મળીને પાકીટમાંથી રૂપિયા અને મોબાઈલ મળીને રૂ.૮,૭૦૦ ની લુંટ ચલાવી હતી. આ સંદર્ભે રામલાલે અડાલજ પોલીસ સ્ટેશનમાં રીક્ષા નંબર સાથે ફરિયાદ આપતા પોલીસે તપાસ શરુ કરી હતી. દરમિયાન આજે બંને લુંટારુઓને અડાલજ પોલીસે ઝડપી પાડ્યા છે. અડાલજ ગામના શૈલેષ ઉર્ફે ડગો -તાપ ઠાકોર અને જીગ્નેશ ઉર્ફે જીગો દશરથ ઠાકોર બંનેની ધરપકડ કરીને પોલીસે ઝીણવટભરી તપાસ શરુ કરી છે. બંનેની સઘન પૂછપરછમાં અન્ય કેટલાક ગુનાઓના ભેદ ઉકેલાય તેવી શક્યતાઓ પણ પોલીસે દર્શાવી છે.

# ચૂંટણી સેલના અધિકારીના મકાનમાંથી ઘરઘાટીએ સોનાનો સિક્કો ચોરી લીધો

## સેક્ટર-૧૯ સ્થિત જી-૧ ટાઈપમાં રહેતા અધિકારીની પત્નીએ મહિલા ઘરઘાટી સામે ફરિયાદ નોંધાવી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના સે-૧૯ ખાતે સરકારી બંગલામાં રહેતા ચૂંટણી સેલના અધિકારીની પત્નીએ સે-૨૧ પોલીસ સ્ટેશનમાં તેમના ઘરે કામકાજ કરવા આવતી મહિલા ઘરઘાટી સામે ચોરીની ફરિયાદ આપતા ચકચાર મચી જવા પામી છે. મહિલા ઘરઘાટીએ તેમના મકાનમાં હાથફેરો કરીને પાણી ભરેલા માટલામાં મુકેલો સોનાનો સિક્કો ચોરી કરી લીધો હોવાની પોલીસ ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ વી.પી.સોલંકીએ વધુ તપાસ શરુ કરી છે.

ગાંધીનગરના વીવીઆઈપી ગણાતા સે-૧૯ સ્થિત જી-૧ ટાઈપ બંગલા નં.૨૬૦/૧ માં ચુંટણી સેલમાં નાયબ કલેકટર તરીકે ફરજ બજાવતા હિમાંશુભાઈ જયંતીભાઈ પારેખ તેમના પરિવાર સાથે રહે છે. તેમના ઘરે બોરીજ ગામમાં રહેતી મહિલા ઘરઘાટી રંજનબેન મુકેશભાઈ ચૌધરી ઘરના કામકાજ માટે આવે છે. તેમના ઘરમાં પાણી ભરેલા માટલામાં મુકેલો આશરે ૧૦ ગ્રામ વજનનો સોનાનો સિક્કો મહિલા ઘરઘાટી ૭ એિ-લે સાંજે ૪ થી ૫ ના સમયગાળા દરમિયાન ચોરી કરી લીધો હતો. તેવી ફરિયાદ અધિકારીની પત્ની શોભનાબેન પારેખે સે-૨૧ પોલીસ સ્ટેશનમાં નોંધવી છે. નોકર ચોરી અંગે સે-૨૧ પોલીસે ગુનો નોંધીને પી.એસ.આઈ સોલંકીએ તે મહિલા ઘરઘાટીની ધરપકડ કરવા તજવીજ શરુ કરી છે.

# સરકારી પ્રેસમાં એક સાથે દસ કર્મચારીઓને ભાવભરી વિદાય આપાઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર સ્થિત સરકારી મધ્યસ્થ પ્રેસમાં દસ કર્મચારીઓનો વિદાય





સમારોહ યોજવામાં આવ્યો હતો. વિદાય સમારંભ નિયામક વી.એમ. રાઠોડની અધ્યક્ષતામાં યોજાયો હતો.

શહેરના સેક્ટર-૩૦, ઘ-૭ સર્કલ પાસે આવેલ સરકારી મધ્યસ્થ પ્રેસમાં તા. ૨ જુલાઈના રોજ નિયામક વી.એમ. રાઠોડની ઉપસ્થિતિમાં વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો એક સાથે દસ કર્મચારી વય નિવૃત્ત થતા વાતાવરણ ગમગીન બની ગયું હતું.

પ્રેસમાંથી નગરના જાણીતા કથાકાર કનૈયાલાલ પંડ્યા, જે.વી. શુકલ, આર.એચ. સોલંકી, પી.પી. પટેલ, આર.એલ. પંચાલ, એસ.કે. પટેલ, વી.પી. પટેલ, પી.એમ. આસોડિયા અને એમ.એ. પ્રજાપતિને ભાવભરી વિદાય આપવામાં આવી હતી. વિદાય પ્રસંગે અખિલેશ પુરોહિત દ્વારા વેદ ઘોષ કરવામાં આવ્યો હતો. આ સમયે વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

પોતાની કારકિર્દી જે જગ્યાએથી બની હોય જે જગ્યા કર્મભૂમિ કહેવાય તે જગ્યાએથી નિવૃત્તી લેતા કર્મચારીઓમાં કનૈયાલાલ પંડ્યાએ જણાવ્યું હતુ કે આ કર્મભૂમિનું ઋણ ઉતારવુ મારા માટે અશક્ય છે. હુ ક્યારેય આ મારી ઓફિસ અને કર્મચારીઓને ભુલી શકીશ નહિ. જે.વી. શુકલએ કહ્યું કે પ્રેસમાં વિતાવેલા વર્ષોની સ્મૃતિ આજીવન રહે છે. મારા હૃદયમાં મારી ઓફિસના સહ કર્મચારીઓને ભુલવુ અશક્ય છે. આ પ્રસંગે નિયામક વી.એમ. રાઠોડે પ્રસંગોરૂપ સંબોધન કર્યુ હતુ. વિદાય સમારોહમાં ગાંધીનગર (ઉ) ધારાસભ્ય અશોક પટેલ, પવિત્ર વિકાસ યાત્રાધામ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદી, મેયર મહેન્દ્રસિંહ રાણા, ચેરમેન આશિષ દવે, પૂર્વ નિયામક એ.ડી. શાહ, જે.એ. શાહ, ઈ.ચા. મેનેજર પી.જી. શાહ અને પૂજ્યશ્રી દંડીબાપુ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ કાર્યક્રમને અનુરૂપ ટુંકુ પ્રવચન કર્યુ હતુ.

# નગરના બે મહાનુભાવોનો સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેર વસાહત મંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ અને સરકારમાંથી વય નિવૃત્ત થતા મહેન્દ્રભાઈ શ્રીમાળીનો સત્કાર સમારોહ યોજવામાં આવ્યો હતો.

તાજેતરમાં ગાંધીનગર શહેર વસાહત મંડળના પ્રમુખ અરૂણભાઈ બુચને એશિયા બુક ઓફ રેકર્ડમાં સ્થાન આપવામાં આવ્યું છે. તેમજ સરકારના ઈરીગેશન ડીપાર્ટમેન્ટમાં ફરજ બજાવતા મહેન્દ્રભાઈ શ્રીમાળી વય નિવૃત્ત થતા બન્ને મહાનુભાવોનો સત્કાર સમારોહ યોજવામાં આવ્યો હતો.

ગત તા. ૧ જુલાઈના રોજ સેકટર-૧૬ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં અરૂણભાઈ બુચ અને મહેન્દ્રભાઈ શ્રીમાળીને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોર્પોરેટર ચિમન વિંઝુડા, જીતુ રાયકા, અશોક શ્રીમાળી અને વેપારી મંડળના આગેવાનો, કર્મચારી અગ્રણી રશ્મિન રાજન, મધુસુદન ચાવડા, નરેન્દ્રસિંહ વાઘેલા, દિપક જાદવ, ગૌરાંગ દહિયા, કૃષ્ણકાન્ત દિક્ષિત ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મનોજ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૦

સૂર્યાસ્ત : ૭.૨૬

## તાપમાન

મહત્તમ : ૩૯.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૯.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૩૩ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

બોબી જાસૂસ : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

એક વિલન : ૧૨.૩૦, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ટ્રાન્સફોર્મર (૩ડી) (અંગ્રેજી) ૩.૧૫, ૬.૩૦

સ્ક્રીન-૪ :

ઑટોનગર સૂર્યા (તેલુગુ) : ૧૦.૦૦

હોલીડે : ૬.૪૫

બોબી જાસૂસ : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

લેકર હમ દીવાના દિલ : ૧૦.૦૦, ૧૨.૧૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૯.૧૫, ૧૨.૩૦, ૩.૫૦, ૭.૧૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૮.૧૫, ૧૧.૩૦, ૯.૨૦

હમશકલ : ૨.૫૦

હોલીડે : ૬.૦૦

: સ્ક્રીન-૩ :

એક વિલન : ૮.૪૫, ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :

એક વિલને : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૩૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

એક વિલન : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

હમશકલ : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

એક વિલન : ૪.૧૫

## આપની આજ

**મેષ** : આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા રહેલી છે. વ્યાપાર- વ્યવસાયિકમાં કાર્યક્ષેત્રનો વિકાર અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે.

**વૃષભ** : કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે. યાત્રા- પ્રવાસ થઈ શકે છે. અટવાયેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

**મિથુન** : વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે. ભૂમિ - સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

**કર્ક** : નવા કાર્યો વિચાર, યોજના મોકૂફ રાખવી. આર્થિક વિવાદોથી નુકસાન થઈ શકે છે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

**સિંહ** : ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે.

**કન્યા** : આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. આપને સતાવતી કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે.

**તુલા** : ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**વૃશ્ચિક** : આપને આજે ઋણથી મુક્ત થઈ શકશો. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે.

**ધન** : સામાજિક માન સન્માનમાં વધશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

**મકર** : ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર સંયમ રાખવો. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

**મીન** : આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે. વિરાધીઓ પરેશાન કરી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. કુણાલ પ્રવિણભાઈ ભાવસાર (ઉ.વ. ૨૮) પ્લોટ નં. ૮૭૧/૧, સેક્ટર-૫સી, ગાંધીનગર
- સ્વ. મધુબેન મગનલાલ સાધુ (ઉ.વ. ૯૦) મુ. વાસણ મહાદેવ, તા.જી. ગાંધીનગર
- સ્વ. લઘુભાઈ માવજીભાઈ ચાવડા (ઉ.વ. ૮૬) પ્લોટ નં. ૫૮૩/૨, સેક્ટર-૫બી, ગાંધીનગર.
- સ્વ. ગૌરી રાની સર (ઉ.વ. ૮૨) ફલેટ નં. ૧૭, પ્લોટ નં. ૫, મયુર એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૮, ગાંધીનગર